પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર

D.EL.ED. પ્રવેશ વર્ષ ૨૦૨૬-૨૭

જાહેર સુચના

તા.૨૬/૧૦/૨૦૨૬

(૧) ત્રીજા તબક્કા માટે નવેસર કોલેજ પસંદગી		
૧.	તા.27/10/2026 થી તા.29/10/2026 સાંજના 05.00 વાગ્યા સુધી	1. પ્રથમ કે બીજા તબક્કામાં જેમને કોલેજ ફાળવણી કરવામાં આવેલ અને પ્રવેશ કન્ફર્મ કરાવેલ છે તેવા ઉમેદવારોનો પ્રવેશ થઈ ગયેલ હોવાથી ત્રીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા માટે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. 2. પ્રથમ કે બીજા તબક્કામાં કરેલ કોલેજ પસંદગીના આધારે ત્રીજા તબક્કામાં કોલેજ ફાળવણી કરવામાં આવશે નહી. તે દરેક ઉમેદવારોએ ધ્યાને લેવાનું રહેશે. 3. D.El.Ed પ્રવેશ પ્રક્રિયા વર્ષ: ૨૦૨૬-૨૭ અંતર્ગત જે ઉમેદવારોના ફોર્મ માન્ય થયેલા છે અને કોલેજ ફાળવણી થયેલ નથી અથવા પ્રવેશ કન્ફર્મ કરાવેલ નથી એવા તમામ ઉમેદવારો જો બીજા તબક્કાના પ્રવેશ બાદ જે તે કોલેજમાં જે બેઠકો ખાલી રહેલ છે તે જગ્યાઓ પર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો તેમણે ફરીથી ઓનલાઈન પોર્ટલ પર કોલેજ પસંદગી આપવાની રહેશે. (નવા ફોર્મ ભરી શકાશે નહી/કન્ફોર્મેશન કરી શકાશે નહી)

(૨) ત્રીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયાનો સમયગાળો

1. ખાલી જગ્યાની યાદી પ્રસિદ્ધ થશે - તા.27/10/2026 ના રોજ ૧૧.૦૦ કલાકે

2. મેરિટ યાદી પ્રસિદ્ધ થશે - તા.27/10/2026 ના રોજ ૧૨.૦૦ કલાકે

   નોંધ- પ્રથમ કે બીજા તબક્કામાં જેમને કોલેજ ફાળવણી કરવામાં આવેલ છે અને જે ઉમેદવારોએ પ્રવેશ કન્ફર્મ કરાવેલ છે તેમનો ત્રીજા તબક્કાની મેરિટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે નહી.

3. ત્રીજા તબક્કા માટે નવેસર કોલેજ પસંદગી –

   તા.27/10/2026 થી તા.29/10/2026 સાંજના 05.00 વાગ્યા સુધી.

4. ત્રીજા તબક્કાની કોલેજ ફાળવણી- તા.૩૦/૧૦/૨૦૨૬ ના રોજ સાંજના 06.00 કલાકે

5. કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવવો- તા.૩૧/૧૦/૨૦૨૬ થી તા.૦૨/૧૧/૨૦૨૬ સુધી

(3) મેનેજેમેન્ટ ક્વોટાની પ્રવેશ પ્રક્રિયાનો સમયગાળો

1. ફોર્મ ભરવાની સમયમર્યાદા- તા.૦૨/૧૧/૨૦૨૬ ના 05.00 વાગ્યા સુધી લંબાવેલ છે.

2. ફોર્મ ફીની રકમ ચલનથી ભરવાની- તા.૦૩/૧૧/૨૦૨૬ સુધી (બેંક સમય મુજબ)

3. મેનેજમેન્ટ ક્વોટા પ્રવેશ ચકાસણી- તા.૦૪/૧૧/૨૦૨૬ થી તા.૦૫/૧૧/૨૦૨૬

(૪) અગત્યની નોંધ	
૧.	1. બન્ને તબક્કાની પ્રવેશ ફાળવણી બાદ પણ ઘણી બેઠકો ખાલી રહેલ હોવાથી ત્રીજા તબક્કા માટે ઉમેદવારો પાસે નવેસર કોલેજ પસંદગી લેવાનો અને તેના આધારે જ કોલેજ ફાળવણી કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. 2. આથી જો ઉમેદવાર ત્રીજા તબક્કા માટે ઉપલબ્ધ ખાલી બેઠકો માટે નવેસર કોલેજ પસંદગી નહી આપે તો પ્રથમ કે બીજા તબક્કામાં કરેલ કોલેજ પસંદગીના આધારે ત્રીજા તબક્કામાં કોલેજ ફાળવણી કરવામાં આવશે નહી.
૨.	ઉમેદવારોએ ત્રીજા રાઉન્ડમાં ઉપલબ્ધ ખાલી બેઠકો પૈકીની જ કોલેજ પસંદ કરવાની રહેશે અને તે કોલેજ પૈકીની કોલેજમાં જ પ્રવેશ ફાળવામાં આવશે.
૩.	અગાઉ જાહેર કરેલી મેરિટયાદી પૈકી જેમનો પ્રવેશ કોલેજ ખાતે Confirm થયેલ છે તે સિવાયના ઉમેદવારો પૈકી કેટલાક ઉમેદવારોને ભુલ સુધારવાની તક આપેલ હોવાથી અગાઉની મેરિટયાદીનો ક્રમ બદલાઈ શકે છે.
૪.	ત્રીજા રાઉન્ડમાં ઉપલબ્ધ ખાલી બેઠકો પર સીટ ફાળવણી મુજબ અનામતના ધોરણો જાળવી મેરીટના આધારે કોલેજ ફાળવણી કરવામાં આવશે.
૫.	જે ઉમેદવારો ત્રીજા રાઉન્ડમાં ઉપલબ્ધ ખાલી બેઠકો માટે નવેસર ઓનલાઈન કોલેજ પસંદગી આપતા નથી તેમનો ત્રીજા તબક્કાના D.El.Ed પ્રવેશ અંગેનો કોઈ હક્ક-દાવો રહેશે નહી. અને કોલેજ ફાળવવામાં આવશે નહી.